દિવાળી અંક




# અનુપમ તારલા

અનુપમ મિશન દ્વારા દર બે મહિને પ્રકાશિત થતું બાળકો માટેનું સંસ્કારલક્ષી સામયિક

નવેમ્બર-૨૦૨૦ * વર્ષ : ૧ * અંક : ૩ * અનુપમ તારલા

## તંત્રીની કલમે

**વ્હાલાં બાળ અક્ષરમુક્તો,**

**સૌને ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ અને સાલમુબારક !**

આપણે સૌ માર્ચ-૨૦૨૦માં મળ્યાં હતાં ત્યારબાદ હાલ નવેમ્બર-૨૦૨૦માં એટલે કે ૮ મહિના બાદ મળી રહ્યાં છીએ. આ આઠ મહિનામાં દુનિયામાં ઘણી ઉથલપાથલ થઈ ગઈ. કોવિડ-૧૯(કોરોના) નામના વાઇરસે સૌનાં જીવનમાં પરિવર્તન લાવી દીધું.

લોકડાઉનનો ઘણો મોટો સમયગાળો રહ્યો તેમાં આપણા જીવનમાં પણ મોટો ફેરફાર થઈ ગયો. અને તે ફેરફાર છે આપણી સ્કૂલ બંધ નો. આપણે સ્કૂલમાં જઈને ભણવાને બદલે મોબાઇલ, ટેબ્લેટ, આઈપેડ કે કૉમ્પ્યુટરની મદદથી ઑનલાઇન કે ઑફલાઇન ભણવાં લાગ્યાં. આપણાં મિત્રો અને શિક્ષકો વગર તથા સ્કૂલના વાતાવરણને બદલે એકલાંઅટૂલાં અને ઘરના માહોલમાં ભણવાનું... તમને મજા આવે છે ? મને તો નથી આવતી. કારણ, શિક્ષક આપણી નજર સામે હોય... કંઈ તકલીફ પડતી હોય, ન સમજાય તેવી કોઈ બાબત કે Topic હોય તો શિક્ષકને જેટલી આસાનીથી પૂછી શકતા તે



ઑનલાઇનમાં પૂછવાની ને સમજવાની મજા નથી આવતી. ક્યારેક તો આપણી બાજુવાળાને પૂછીને પણ સમજી લેવાય... ખેર, જે સંજોગો ઊભા થયા છે તેમાં ગોઠવાઈ જવું જ રહ્યું... યુગ બદલાઈ રહ્યો છે... સમય બદલાઈ રહ્યો છે અને બદલાતા સમયમાં સૅટ થઈ જવું એ જ માણસની વિશેષતા !

લોકડાઉનના આ સમયગાળામાં ઑનલાઇન અભ્યાસની સાથે સાથે આપણે બાળસભા પણ ઑનલાઇન કરતા થઈ ગયાં. આ બાળસભામાં આપણે ઘણું બધું શીખ્યાં. માતાપિતાનો આદર, પ્રાતઃપૂજા, સ્વામિનારાયણ ભગવાનથી લઈને સંતભગવંત સાહેબદાદા સુધીનાં સંત-સ્વરૂપોના જીવનની માહિતી, શ્લોકગાન, નવાં નવાં ભજનો, થાળ, આરતી અને સત્સંગને લગતી બાબતોના મુખપાઠ કરતાં શીખ્યાં. જીવનમાં જેટલું મહત્ત્વ અભ્યાસનું છે તેટલું ને તેટલું જ મહત્ત્વ સત્સંગ, જીવનમૂલ્યો અને સંસ્કારનું છે. સરસ કારકીર્દિની સાથે સાથે સારી વ્યક્તિ બનવાનું સત્સંગ શીખવે છે.

આ અંકમાં આપને આનંદ આવે તેવી પ્રવૃત્તિઓની સાથે સાથે સત્સંગની માહિતી મળે તેવી કેટલીક માહિતીઓ પણ સમાવી છે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે દિવાળીના ઉત્સવોનો પ્રારંભ થઈ ચૂક્યો હશે. હાલ તો તમારાં બધાંનું સ્કૂલનું શિક્ષણ બંધ છે ત્યારે નવું નવું શીખવાનો સમય છે. નવું નવું વાંચવાનો સમય છે. મોબાઇલને બાજુ ઉપર રાખી નવાં પુસ્તકો તથા મેગેઝિન વાંચશો. સત્સંગને લગતું વાંચીને પણ જીવન ધન્ય બનાવજો. સૌ આ અંકના વાંચનનો પણ આનંદ માણજો...



બાળસભા એટલે અનુપમ ઉડાન

# મારા ગોપાલબાપા

હું માધવ.....

આમ તો અત્યારે કોરોનાને કારણે શાળામાં જવાનું નહીં એટલે સવારે ૭ વાગ્યે ઊઠું, પણ આજે તો હું સવારે ૫:૩૦ વાગ્યાનો ઊઠી ગયો અને ફટાફટ નાહી-ધોઈ પરવારીને પૂજ્ય સરજુકાકાએ બાળસભામાં શિખવાડ્યું છે તે પ્રમાણે પૂજા કરવા બેસી ગયો. તેમાં ૧૧ માળા કરી અને શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબદાદા અને સૌ સદ્‌ગુરુ સંતોને પ્રાર્થના કરી આશીર્વાદ માગ્યા.

પૂજા કરીને દાદા-દાદી અને મમ્મી-પપ્પાને પગે લાગીને મેં પપ્પાને કહ્યું કે, આજે મારો જન્મદિવસ એટલે મને ગોપાલબાપાના આશીર્વાદ લેવા છે તો મોબાઈલ જોડી આપોને... એટલે પપ્પાએ પૂજ્ય ગોપાલબાપાને મોબાઈલ જોડ્યો....ગોપાલબાપાની કૉલર ટ્યૂન વાગી.

સ્વામિનારાયણ....સ્વામિનારાયણ....સ્વામિનારાયણ....



પૂજ્ય ગોપાલબાપા

ગોપાલબાપા : હેલો, જય સ્વામિનારાયણ....!

માધવ : જય શ્રી સ્વામિનારાયણ ! ગોપાલબાપા, હું બાળસભાનો સભ્ય માધવ બોલું છું.

ગોપાલબાપા : હાજી, બોલો બેટા, કેમ છે તબિયત ?

માધવ : એકદમ સરસ બાપા...! બાપા, આજે મારો બર્થ ડે છે. આશીર્વાદ આપો.

ગોપાલબાપા : ઓહોહો, આજે તમારો Happy Birthday છે ? ચાલો, બે મિનિટ ધૂન કરીએ. મહારાજ અને સાહેબદાદાને તમારા Birthday માટે પ્રાર્થના કરી આશીર્વાદ મેળવીએ.

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સહજાનંદ સ્વામી મહારાજની જય....

ગોપાલબાપા : બેટા માધવ ! તમારું ભણવાનું કેવું ચાલે છે ?

માધવ : જી બાપા, અત્યારે તો મોબાઈલમાં ભણવાના Video આવે છે તે જોઈને ભણું છું.

ગોપાલબાપા : તો તમે એ Video જોઈને સરસ ભણો છો ને ?

માધવ : હા બાપા, પણ... જેવું સ્કૂલમાં જઈને ભણવાની મજા આવે એવી મજા મોબાઈલમાં નથી આવતી.

મોબાઈલ લઈને ભણવા તો બેસીએ છીએ પણ ધ્યાન બીજે બધે બહુ જતું રહે છે. કોઈકવાર ભણવાના Video જોવાને બદલે કાર્ટૂન જોવાઈ જાય....કોઈવાર હસી-મજાકના Video પણ જોવાઈ જાય.

ગોપાલબાપા : બેટા માધવ, તમે તો કેટલા હોશિયાર છો.....આપણે Online બાળસભામાં કેવા સરસ રીતે તૈયાર થઈને એકદમ શાંતિથી બેસીએ છીએ અને બધું જ ધ્યાનથી સાંભળીએ છીએ, તો..... એવું જ આપણે ભણવાના Video જોઈએ ત્યારે પણ ધ્યાનથી જોઈએ, સરસ ભણીએ, તો પરીક્ષામાં સરસ માર્કસ આવે અને સરસ માર્કસ આવે એટલે શિક્ષકો, દાદા-દાદી, મમ્મી-પપ્પા, સાહેબદાદા, અશ્વિનદાદા, શાંતિદાદા અને સૌ સંતો કેટલા રાજી થાય......!

આપણે સાહેબદાદાને અને સૌ સદ્‌ગુરુ સંતોને રાજી કરવા છે ને ?

માધવ : હા, બાપા.


ગોપાલબાપા : તો ચાલો, આજે તમારો Happy Birthday છે તો સંકલ્પ કરીએ......

આંખો બંધ કરી ઠાકોરજી અને સાહેબદાદાની મૂર્તિનું ધ્યાન કરો. હું તમારા માટે સંકલ્પ બોલું છું.

"હે મહારાજ ! હે બાપા ! હે સાહેબદાદા ! હે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો ! આજે માધવભાઈનો Happy Birthday છે. તો તેઓની આ કોરોનાકાળમાં તબિયત સરસ રહે અને અત્યારે Video દ્વારા અભ્યાસ કરે છે તો તેમાં સરસ અભ્યાસ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, સાહેબદાદા, સૌ સંતો, દાદા-દાદી, મમ્મી-પપ્પાનું નામ રોશન કરવાની તેઓને સૂઝ પડે. તેમજ માધવભાઈને સરસ ભણવા માટે બળ, બુદ્ધિ, પ્રેરણા, ભક્તિ અને શક્તિ મળે એવી પ્રભુ તમારા ચરણોમાં પ્રાર્થના કરી બે મિનિટ ધૂન કરીએ છીએ."

ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સહજાનંદ સ્વામી મહારાજની જય...

ગોપાલબાપા : બેટા, આ અભ્યાસ કરવાનો સરસ સમય છે તેને વેડફી ન કાઢતા. આ બધું જ ભણવાનું આગળ આપણને બહુ કામ લાગશે એટલે ભણતી વખતે ધ્યાન રાખી ભણજો. મહારાજ અને સાહેબદાદા આપણી સાથે જ છે. સરસ ભણજો હોં....ને...!



માધવ : જી, બાપા.....! Thank you ! બાપા તમે સરસ આશીર્વાદ આપ્યા. હવેથી હું ભણવામાં ધ્યાન રાખીશ અને સાહેબદાદા, સંતો રાજી થાય, દાદા-દાદી, મમ્મી-પપ્પા રાજી થાય તેવું જીવન જીવવાનો પ્રયત્ન કરીશ.

ગોપાલબાપા : Ok બેટા, જય શ્રી સ્વામિનારાયણ !

(મોબાઈલ મૂક્યા પછી માધવ પપ્પા સાથે વાત કરે છે.)

માધવ : પપ્પા, મને ગોપાલબાપાએ Birthdayના ખૂબ જ સરસ આશીર્વાદ આપ્યા. ગોપાલબાપાના આશીર્વાદ એ મારા માટે તો Best Birthday Gift થઈ ગઈ.

માધવ : તા.૨૧/૧૦/૨૦૨૦ ને બુધવારના બપોરે ૨:૩૦ વાગ્યાનો સમય હતો. મમ્મી મને અભ્યાસના Video જોઈને સમજાવતી હતી એટલામાં Whatsappમાં એક મેસેજ આવ્યો, મેસેજમાં હતું કે, ગોપાલબાપા અક્ષરધામનિવાસી થયેલ છે. સાંભળીને મારું અને મમ્મીનું હૃદય એક ધબકાર ચૂકી ગયું.

મમ્મી, હજી હમણાં તો મારા Birthdayના દિવસે ગોપાલબાપાએ સરસ આશીર્વાદ આપ્યા હતા અને આ શું થઈ ગયું ? હવે હું શું કરીશ, મારા ગોપાલબાપા...

મમ્મી : બેટા, ગોપાલબાપા શરીરથી આપણી સાથે નથી પણ એમણે આપેલ આશીર્વાદ અને સાહેબદાદાને રાજી કરવા માટે કરેલ આજ્ઞા પ્રમાણેનું જીવન જીવીએ એટલે એ કાયમ આપણી સાથે જ છે.

માધવ : (મનમાં) મમ્મીએ મને આ દુઃખદ સમાચારના આઘાત સામે બળની વાત કરી અને મેં પણ સંકલ્પ કર્યો કે, મારા ગોપાલબાપાએ મને જે કંઈ આજ્ઞા કરી છે તે આજ્ઞા પાળીને તેમને કાયમ માટે મારા હૃદયમાં જીવંત રાખીશ.

સૌ વ્હાલાં બાળ અક્ષરમુક્તો ! આપ સૌને પ્રાર્થના છે કે, ગોપાલબાપાએ આપણને જે કંઈ આજ્ઞા કરી હોય, સમજ આપી હોય, બળ આપ્યાં હોય તેની સ્મૃતિ કરીને...આપણે સરસ અભ્યાસ કરીએ... આપણે સરસ પૂજા કરીએ...માતા-પિતાને પગે લાગીએ...તેઓને ઘરકામમાં મદદરૂપ થઈએ...અને સાહેબદાદાને રાજી કરવાના ભાવથી સૌની સાથે હળી-મળીને-સંપ, સુહૃદભાવ ને એકતા રાખીને સરસ જીવીએ...તો આપણે ગોપાલબાપાને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાય.

સૌને ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ.....!

સંકલન : પૂજ્ય રાહગીર પટેલ, નડીઆદ.

# આપણે કોરોના વોરિયર્સ બનીએ!



## કોરોના વાઈરસ સામે આપણે લડી રહ્યાં છીએ ત્યારે બાળકોએ પણ શું કાળજી રાખવી જોઈએ ?

- કોરોના વાઈરસ હવા મારફતે ફેલાતો હોય છે. તેથી આ વાઈરસથી બચવા ઘરમાં કે બહાર ફરજિયાત માસ્ક પહેરીએ તેમજ અન્ય વ્યક્તિથી ૬ ફૂટનું અંતર રાખીએ.
- ઘરે જ રહીએ તો પણ દર બે કલાકે હાથને સાબુથી ઘસીને ધોઈએ અથવા સેનિટાઇઝ કરીએ.
- ભીનું-ગંદું કે ફાટેલું માસ્ક ના પહેરીએ. રોજે રોજ સાબુથી ધોયેલું ને તડકામાં સૂકવેલું માસ્ક પહેરીએ.
- ઉધરસ કે છીંક આવે તો હાથરૂમાલ આડો રાખીએ. ગંદા હાથ વડે આંખ, નાક, મોં, કાનને ના અડીએ.
- ઉધરસ, શરદીવાળી કે બીમાર વ્યક્તિથી દૂર રહીએ.
- બહાર રમવા જઈએ તો અન્ય બાળકોથી દૂર રહીને રમાય તેવી રમતો રમીએ. દા.ત. સાયકલ ચલાવવી
- શરદી-ખાંસી થઈ હોય તો બહાર રમવા ના જઈએ.
- રમત રમી રહ્યા બાદ ઘરે આવી આપણા હાથ-પગ સાબુ લગાડી ઘસી ઘસીને ધોઈએ. શક્ય હોય તો સ્નાન કરી લઈએ. કપડાં ધોવા નાખી દઈએ અને વરાળનો નાસ લઈએ.
- ગરમ પાણીમાં લીંબુ નિતારી થોડાંક મરી, સંચળ અને હળદર નાખીને દિવસમાં એકવાર પીએ.
- રાત્રે સૂતી વખતે હળદરવાળું ગરમ દૂધ પીએ.
- માતા-પિતા કે મોટાં ભાઈ-બહેન બજાર જાય તો માસ્ક પહેરીને જાય તેવી વિનંતી કરીએ. આપણે બજારમાં ના જઈએ.
- સોસાયટી કે ફળિયામાં આવતા શાકભાજીવાળા કે અન્ય ફેરિયા પાસે ના જઈએ.
- આપણા ઘરે ભાઈબંધો કે બહેનપણીઓને ના બોલાવીએ.
- ઘરે કોઈ મહેમાન આવે તો તેમનાથી દૂર રહીને વાત કરીએ.
- અભ્યાસના ઑફલાઈન કે ઑનલાઈન વર્ગોમાં સમયસર વ્યવસ્થિત જોડાઈએ અને આપેલ ગૃહકાર્ય નિયમિત કરીએ.
- દરરોજ વધારાની ૫ માળા કરી પ્રાર્થના કરીએ કે, "હે સ્વામિનારાયણ ભગવાન ! હે સાહેબદાદા ! કોરોનાથી અમારી તથા સૌની રક્ષા કરજો !!!"

- સંકલન : સાધુ સુનીલદાસજી




## અનુપમ તારલાની કલમે...



સાહેબદાદાનાં સૌ વ્હાલાં બાળમિત્રોને જય શ્રી સ્વામિનારાયણ...

કોરોનાના ઘણા બધા મહિનાના લોકડાઉન બાદ નવેમ્બર મહિનો આપણા સૌ માટે ખુશીઓ અને ઉત્સાહ લઈને આવી રહ્યો છે. કારણકે, નવેમ્બર૨૦૨૦માં દિવાળી આવી રહી છે. દિવાળી એટલે દીપોત્સવના અનેક ઉત્સવોનો ખજાનો ! અને ખૂબ જ ઉત્સાહ, આનંદ અને ભક્તિ !

તો ચાલો, આપણા અનુપમ મિશન ખાતે દીપોત્સવીનાં અનેક પર્વો ઉજવાય છે, તેના જુદા-જુદા ફોટોગ્રાફ અહીંયાં મૂક્યા છે. તમારે તેના પરથી તે ઉત્સવનું નામ લખવાનું છે અને તેના વિશે બે વાક્યો લખવાનાં છે...

તો ચાલો, રમીએ દિવાળીની આ રમત...











વળી, બાળકો દર વર્ષે દિવાળીનાં પર્વોમાં રંગોળી ઉત્સવ યોજાય અને સૌ સુંદર રંગોળી કરીને ઈનામ પ્રાપ્ત કરે છે. આ વખતે આપ સૌ પોતપોતાના ઘરઆંગણે અવનવી રંગોળી કરી અમોને તેના ફોટોગ્રાફસ નીચેના નંબર પર કે ઈમેઈલ પર મોકલાવશો; પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનારની રંગોળી આવતા અંકમાં છાપવામાં આવશે.

મોબાઈલ નંબર : 76228 85598 email id. : sarjutailor7699@gmail.com

**Happy Diwali.....Happy New Year**




-સંકલન : સાધુ સરજુદાસજી, મોગરી



## રસ્તો શોધો

ચાલો ચાલો !
જલદી જલદી સાહેબદાદાને પગે લાગી આવીએ....
કયા રસ્તે જઈશું ??






-સંકલન : પૂ. ઉર્જાબહેન પટેલ, મોગરી



## શબ્દશોધ

બાળદોસ્તો !

નીચેના ચોકઠામાં ગુણાતીતાનંદ સ્વામીની સાથે જોડાયેલી કેટલીક બાબતો નીચે પ્રશ્નોના સ્વરૂપમાં આપી છે તેના જવાબ લખી તે જવાબને ચોકઠામાં ગોઠવી દો.




**પ્રશ્નો:**

૧) "ગુણાતીતાનંદ સ્વામી મારે રહેવાનું ધામ છે." – એવું કહેનાર...

જ. ..............................................................

૨) ગુણાતીતાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું એટલે કે બાળપણનું નામ...

જ. ..............................................................

૩) ગુણાતીતાનંદ સ્વામીને શ્રી સ્વામિનારાયણ ભગવાને આ સ્થળે મહાયજ્ઞ કરી દીક્ષા આપી હતી...

જ. ..............................................................

૪) ગુણાતીતાનંદ સ્વામીનું પ્રાગટ્યસ્થાન...

જ. ..............................................................

-રચના : પૂ. ઊર્જાબહેન પટેલ, મોગરી



## ગમ્મતગુલાલ



ડૉક્ટર : ક્યાં દુ:ખે છે ?
પેશન્ટ : ફી ઓછી કરો તો કહું.
ડૉક્ટર : નહિતર ?
પેશન્ટ : જાતે શોધો !

*****

મીનુ : મમ્મી ! અષ્ટકોણ રોટલી બનાવીશ ?
મમ્મી : એ નહિ થઈ શકે.
મીનુ : અમારા શિક્ષકે કહ્યું છે કે, "દુનિયામાં કશું જ અશક્ય નથી."
મમ્મી : હા, તો તો સવારે તારા માટે નહાવાનું ગરમ પાણી મૂકવાની જરૂર નથી ને ?

*****

શિક્ષક : રાવણ પાસે એવી કઈ આવડત હતી જે બીજા પાસે ન હતી ?
જિગલો : તે એકલો જ સમૂહગીત ગાઈ શકતો.

*****

દર્દી : ડૉક્ટર, મને વિચિત્ર બીમારી છે, જમ્યા પછી ભૂખ નથી લાગતી, તો શું કરું ?
ડૉક્ટર : તો રાત્રે તડકામાં બેસીને જમો.

*****

પોતાના રૂમમાં ગરોળી દેખાય તે કોઈ મોટી સમસ્યા નથી. મોટી સમસ્યા તો ત્યારે શરૂ થાય છે, જ્યારે તે ગાયબ થઈ જાય અને ક્યાંય પણ દેખાય નહીં. અને એમ થાય કે, "મારી બેટી ગઈ હશે તો ક્યાં ગઈ હશે ?"

– સંકલન : પૂ. સુનીલભાઈ ગાંધી, વિદ્યાનગર




બાળવાર્તા




# સિંહની સભા

ગીરના જંગલનો રાજા સિંહ. તેણે આવી રહેલ નૂતન વર્ષે જંગલનાં પ્રાણીઓ અને પક્ષીઓની શુભેચ્છાસભા ગોઠવવાનું નક્કી કર્યું. દર વર્ષે યોજાતી આ સભા કોરોના કાળને કારણે બધાંને ભેગાં કરી યોજી ન શકાય તે સિંહ જાણતો હતો. તેણે વિચારણા કરી આ સભા ડિજિટલ પ્લૅટફોર્મ ઉપર યોજવાનું નક્કી કર્યું.




સિંહ: અને હા ! મોગરીથી જે બાળકો અહીં ટૂરમાં આવ્યાં હતાં તે બ્રહ્મજ્યોતિમાં વસતા ત્રણચાર જાતનાં પ્રાણીઓ અને પાંત્રીસ જાતનાં પક્ષીઓની વાત કરતાં હતાં તે બધાંને પણ આ સભામાં આમંત્રણ આપજો.




આ સભાનું બધું જ આયોજન ZOOM નામની application ઉપર કરવાનું સરસ રીતે ગોઠવાઈ ગયું. બંનેએ ચર્ચા કરી પ્રથમ તો આ સભામાં અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત ગુરુવર્ય સાહેબદાદા આશીર્વાદ આપે તે માટે પૂજ્ય દિલીપદાદાને સંદેશ મોકલવો તેમ નક્કી કર્યું. સભાના પ્રારંભે અનુપમ મિશન બાળ સત્સંગ મંડળના કાર્યકર સાધુ સરજુદાસને આવાહ્‌ન શ્લોક અને ભજનના ગાન માટે વિનંતી કરીશું કે, બાળમંડળનાં બાળકો આ સેવા ઉપાડી લે.

કોયલ, મેના, પોપટ અને મોર સાથે સાથે પોતાના સૂર રેલાવે. આ સભામાં સસલાભાઈ હાંહાંગડથલ કરતું સ્વાગત પ્રવચન કરે. આ શુભ અવસરે હાથીભાઈ પ્રાસંગિક શુભેચ્છાઓ પાઠવે. બ્રહ્મજ્યોતિમાં વસતા બધા જ મોરના પ્રમુખ કલાપી પોતાના મીઠા કેકારવ સાથે નૂતનવર્ષનાં વધામણાં કરે. લીલા લીલા પોપટભાઈ જંગલો ઘટી રહ્યાં છે એટલે પશુ-પક્ષીઓને રહેવાની અને ખોરાક મેળવવાની તકલીફ પડી રહે છે તેની હંમેશાં ચિંતા વ્યક્ત કરતા હોય છે એટલે સમગ્ર માનવજાતને આ સંદેશો પહોંચાડવાની જવાબદારી સોંપવી. સાથે સાથે ઘરે ઘરે ફરતી ચકલી પણ પોપટભાઈના કાર્યમાં મદદ કરતાં સૂત્રો બનાવીને આ સભામાં રજૂ કરે તેમ પણ વિચારાયું.

નૂતનવર્ષની આ શુભેચ્છાસભામાં દેશ-વિદેશનાં પ્રાણી-પક્ષીઓ જેમ કે વાંદરાભાઈ, રીંછભાઈ, કાકાકૌવાભાઈ, કાંગારુભાઈ, પાંડાભાઈ, કીવીબેન, સફેદ રીંછભાઈ, પેંગ્વિનભાઈ વગેરેવગેરે શુભેચ્છા પાઠવશે તે પણ ગોઠવાઈ ગયું. સૌને ZOOM મીટિંગ માટેનો ID તથા Password પણ મોકલાઈ ગયા. કદાચ કોઈને આ સંદેશ ના મળ્યો હોય તો દેશવિદેશનાં જે તે જંગલનાં પશુપક્ષી પોતપોતાનાં ગ્રુપમાં પણ આ સંદેશ ફેલાવી દે તેવું પણ કહેવામાં આવ્યું.

બે-ત્રણ દિવસ પછી શિયાળે હરખાતાં હરખાતાં આવીને જણાવ્યું કે, સંતભગવંત સાહેબદાદા આ સભામાં જરૂરથી આશીર્વાદ આપશે તેવી તેઓશ્રીએ ખુશી વ્યક્ત કરી છે. અન્ય સૌએ આ સભામાં હાજર રહી પોતાને સોંપાયેલ કાર્ય સરસ રીતે બજાવશે તેવી સહમતી આપી છે.

આ સાંભળી સિંહ ખૂબ જ હરખાયો. સિંહે કોરોનાકાળ જાય તે બાદ એક સરસ મજાની પાર્ટી પોતાની ગુફાની બહાર યોજવી તેવી જાહેરાત કરવાનું નક્કી કર્યું. શિયાળ આ સભામાં સૌનો આભાર વ્યક્ત કરશે.




સૌએ બેસતા વર્ષની રાહ જોતાં જોતાં એકબીજાને 'સાલ મુબારક' 'Happy New Year' તથા નૂતનવર્ષાભિનંદન પાઠવવાનું નક્કી કર્યું છે. પશુ-પક્ષીની સાથે સાથે સૌ બાળદોસ્તો પણ આ સભાની રાહ જોઈ રહ્યાં છે...ચાલો ત્યારે બેસતાવર્ષે મળીશું.




-લેખક : સાધુ સુનીલદાસજી

## આપણો તહેવાર : દિવાળી




બાળમિત્રો, મજામાં ને ? મજામાં હશો જ. દિવાળી આવી રહી છે ત્યારે સાચું કહેજો, મમ્મીએ તમને સફાઈનું શું કામ સોંપ્યું છે ? તમારી રૂમ, તમારું ભણવાનું ટેબલ, તમારાં કપડાં, તમારાં નોટો-ચોપડા. ખરું ને ? હિંદુ વર્ષના અંતે એટલે કે આસો મહિનાના અંતે આ તહેવારના એટલે કે તહેવારોના રાજા દિવાળીના ભણકારા વાગે સફાઈના કામથી. કહો, જોઈએ કે, તમે તમારાં જૂનાં અને બિનઉપયોગી નકામાં કપડાં-ચોપડાં-રમકડાં કાઢી નાખ્યાં કે નહીં ? જ્યાં સુધી તેને કાઢશો નહીં ત્યાં સુધી નવી વસ્તુઓની જગ્યા ક્યાંથી થાય ? દિવાળીના તહેવારનો ફાયદો એ છે કે, તેનાથી સફાઈના ગુણોનું આપણામાં આરોપણ થાય.





એકદમ ચોખ્ખા થઈ ગયેલા રૂમમાં, ઘરમાં કે શેરીમાં રહેવાની કેવી મજા આવે નહીં ! મન પ્રફુલ્લિત થઈ જાય. દિવાળીના પાંચ દિવસ બધાં દુઃખ દર્દ ભુલાઈ જાય છે. આનંદ આવે જ ને ! કારણ, ઘરની સાથે સાથે મનની પણ સફાઈ થઈ જાય છે. આ તહેવાર છે જ પર્યાવરણની જાળવણીનો. સાથે સાથે ઘણી બધી વસ્તુઓના સમન્વયનો.

જુઓ બાળમિત્રો ! આમ તો ઈતિહાસ છે એ પ્રમાણે ભગવાન વિષ્ણુ સાથે લક્ષ્મીજીનાં લગ્ન થયાં હતાં એટલે દિવાળી



**વિષ્ણુ સાથે લક્ષ્મીજીનાં લગ્ન**



**દુષ્ટ રાવણનો વધ**




**નરકાસુર વધ**

મનાવાય છે, ને વળી ભગવાન શ્રી રામચંદ્ર ૧૪ વર્ષના વનવાસ પછી દુષ્ટ રાવણનો વધ કરી અયોધ્યા પાછા ફર્યા એટલે અને હા, શ્રીકૃષ્ણ ભગવાને આ દિવસે લોકોને કનડતા નરકાસુરનો વધ કર્યો હતો એટલે પણ દિવાળી મનાવાય છે.

તમને એક વાત પૂછું ? આપણે કોના આશ્રિત ? એકસાથે કહી રહ્યાં છો ને....સ્વામિનારાયણ ભગવાનનાં ! તો આપણે આ તહેવાર કેમ મનાવવાનો ? તો સાંભળો...

દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. આપણામાં રહેલા અજ્ઞાનને દૂર કરી જ્ઞાનરૂપી દીવાઓની હરોળ પ્રગટાવી આપણે એ નિશ્ચય કરી લેવાનો છે કે, સ્વામિનારાયણ ભગવાન આપણને સંતભગવંત સાહેબજીરૂપે પ્રગટ મળ્યા છે.



સંતભગવંત સાહેબજી



સ્વામિનારાયણ ભગવાન



**ધનતેરસ**ના દિવસે આપણે ધનની પૂજા કરીએ છીએ અને ધનને ધોઈ શુદ્ધ કરીએ છીએ. પણ મિત્રો, શીખવાનું એ છે કે, આપણને જે કંઈ પણ પૈસા અત્યારે પૉકેટ મનીરૂપે મળે છે એમાંથી પણ જો આપણે ભગવાનનો ભાગ કાઢી ભગવાનને આપીએ તો બાકી રહેલા પૈસા આપણને ખૂબ ખુશીઓથી ભરી દેશે. કારણ જાણો છો ? આપણે જે કંઈ પણ કામ કરીએ છીએ, એ ભગવાનની શક્તિના બળે જ કરીએ છીએ. તો બોલો, એમને પણ એમનો ૫-૧૦ ટકા ભાગ આપવો પડે ને ? ધનતેરસ એટલે લક્ષ્મીપૂજન.



**કાળીચૌદશ**ના દિવસે મમ્મી વડાં તળી તમને ચાર રસ્તે મૂકવા મોકલતી હશે ને કહેતી હશે કે, ઘરમાંથી કકળાટ કાઢી નાખ્યો. આ દિવસે આપણા મનમાં ઊગતા નરકાસુરને ડામી દેવાનો. આપણી જે કંઈ પણ બીજાને ત્રાસ આપવાની વૃત્તિ હોય, એને ઓળખી દૂર કરવાની. આપણા સત્સંગમાં આ દિવસ 'અક્ષર ચૌદશ' તરીકે ઓળખાય છે. કાળીચૌદશે હનુમાનજીનું પૂજન એટલે કે શક્તિનું પૂજન.



**દિવાળી**... ચારે બાજુ દીપની આવલી.... આવલી એટલે હારમાળા.... દીપાવલી. ફટાકડા, રોશની, મીઠાઈઓ અને હા રંગ-રંગભરી રંગોળીઓ, નવાં-નવાં કપડાં અને ચારે બાજુ પ્રકાશ ! ઘર સામે રંગોળીના રંગો મનને આનંદથી ભરી દે છે. શ્રી લક્ષ્મીને-મહેમાનોને આવકાર આપે છે. દીવાની જ્યોત મનમાં પવિત્રભાવ ભરી દે છે. ચોમાસું ગયું છે એટલે વાતાવરણમાં ઝીણી જીવાત હોય છે એને ફટાકડાઓનો ધુમાડો દૂર કરી દે છે. ચોમાસામાં આપણી પાચનક્રિયા મંદ પડી ગઈ હોય છે. શિયાળાની શરૂઆતમાં એ પાછી પ્રજ્વલિત થવા લાગે એટલે પિત્તનું શમન મીઠી-મીઠી મીઠાઈઓ કરે છે. આ દિવસે ચોપડાપૂજન એટલે કે શારદા પૂજન થાય છે. જેમાં રોજે-રોજનું નામું લખવાનું હોય. આખા વરસનો હિસાબ-કિતાબ પૂરો કરી નવા વરસથી નવા ચોપડા લખવાના હોય એનું પૂજન. દોસ્તો, આપણે પણ જૂના અણગમતા વિચારો-વર્તનને બદલી નવા વર્ષથી નૂતન, પ્રગતિશીલ, હકારાત્મક વિચાર, વાણી અને વર્તનનો ચોપડો લખવાનો શરૂ કરવો છે એવો સંકલ્પ કરવાનો આ દિવસ. સંકલ્પ કરીશું ને ?





**પ્રતિપદા એટલે કે નૂતન વર્ષ**ની શરૂઆત ! નવા વર્ષની ઉજવણી આપણે બે રીતે કરીએ છીએ. એક તો ભગવાનને અન્નકૂટ ધરાવીને અને એકબીજાનાં ઘરે જઈ વડીલોને નમન કરીને તથા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીને ! આપણે વર્ષ દરમિયાન જે જે નવીનવી વિવિધ રસોઈ બનાવીને જમીએ તે બધી આપણે અન્નકૂટમાં ધરાવીએ છીએ. અરે ભાઈ, નવા ધાનને ભગવાનને ધરાવી શેષ રહેલા અનાજનો પ્રસાદરૂપે ઉપયોગ કરીશું તો આપણી તનની મનની તંદુરસ્તી ખૂબ સરસ રહેશે. બધાંને મળવાથી શું થશે ? આપણા જીવનમાં સંપ, સહૃદભાવ અને એકતા પ્રગટશે.



**ભાઈબીજ**, તમને ખબર છે મિત્રો, દુનિયામાં સૌથી પવિત્ર સંબંધ હોય છે ભાઈ-બહેનના સ્નેહનો ! મૃત્યુના દેવતા યમ પણ આ દિવસે યમુનાબહેનીના ઘરે જમવા જાય છે. એટલે કે આપણી યમુના નદી. એ દિવસે ભાઈ બહેનના ઘરે જમવા જઈ એને હૈયાધારણ આપે છે કે, બેન તું જ્યારે પણ બોલાવીશ ત્યારે હું તારી દરેક મુશ્કેલીમાં તારા ઘરે આવી તને મદદ કરીશ.

તો બોલો, હવે દિવાળીનું મહાપર્વ આનંદ, મોજ અને મસ્તી સાથે સમજપૂર્વક ઉજવીશું ને ?

-સંકલન : પૂ. સુચેતાબહેન પટેલ, અમદાવાદ

# અનાદિ મહામુક્ત ગોપાળાનંદ સ્વામી



અનાદિ મહામુક્તશ્રી ગોપાળાનંદ સ્વામીનું જન્મસ્થળ

બાળપણનું નામ ખુશાલભાઈ, પ્રેમથી સૌ તેમને ખુશાલ ભગત કહેતા. બાળપણમાં તેઓ ખૂબ તેજસ્વી અને પ્રતાપી. માતા પૂજ્ય જીવીબા અને પિતા પૂજ્ય મોતીરામ ઠાકરને ત્યાં બ્રાહ્મણ પરિવારમાં ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ટોડલા ગામે તેઓ પ્રગટ્યા.

ખુશાલ ભગતને ભગવાનમાં ખૂબ પ્રીતિ હતી. તેઓ બાળપણમાં શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ખૂબ ભાવથી કરતા. ટોડલા પાસે શામળાજીનું મંદિર છે જ્યાં બાળકૃષ્ણની મૂર્તિ બિરાજમાન છે. મંદિરની આ બાળમૂર્તિ પોતાના બાળસખા ખુશાલ ભગત સાથે રમવા આવતી. પૂજારી ભગવાનને પોઢાડે ને પડદો ઢાંકે પછી ભગવાન પોતાના ભક્ત સાથે રમવા જાય. એક દિવસ રમતા-રમતા મોડું થયું. સવારે પૂજારી મંદિરે આવ્યા, પડદો ખોલ્યો તો મૂર્તિ ગાયબ. તેમણે ઝટ પડદો બંધ કર્યો ને ગ્રામવાસીઓને બોલાવી લાવ્યા. બધાં આવ્યાં ને પડદો ખોલ્યો તો મૂર્તિ પાછી આવી ગઈ હતી. ગ્રામજનોને થયું કે, પૂજારી જરૂર કશું છુપાવે છે. ધ્યાનથી જોયું તો મૂર્તિના એક પગનું ઝાંઝર ગુમ હતું. બધાંને થયું કે, પૂજારીએ જ ચોરી કરી છે, માટે સૌ વઢવા લાગ્યાં. તેવામાં મૂર્તિમાંથી અવાજ આવ્યો કે, 'પૂજારી નિર્દોષ છે. હું મારા પરમ ભક્ત, બાળમિત્ર ખુશાલ સાથે તેના ઘરે દરરોજ રમવા જાઉં છું. આખી રાત રમીએ અને સવારે પાછો મંદિરે આવી જાઉં. ગઈ કાલે રમતાં રમતાં મોડું થયું ને ઝડપથી નીકળ્યો ત્યારે તેમના ઘરના આંગણામાં મારું ઝાંઝર પડી ગયું. તમે તપાસ કરો, ત્યાં મળી જશે.' સૌએ ખુશાલ ભટ્ટના ઘરે જઈને જોયું તો શામળાજીનું ઝાંઝર મળી ગયું. જેમની સાથે ભગવાન રમે તેવા પ્રતાપી અને ભક્તિવાન ખુશાલ ભગતને સૌ નમી રહ્યાં.



શામળાજી મંદિર



સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

ખુશાલ ભગતે કાશીમાં સંસ્કૃતનો અભ્યાસ કરી 'વેદવેદાંત પારંગત' અને 'ધ્યાનકરણ કેસરી'ની પદવી ધારણ કરી. બાળકો માટે વિદ્યાક્ષેત્રે ખુશાલ ભગત આદર્શ છે. ત્યારબાદ તેઓએ ભારત વિચરણ કર્યું ત્યારે તેમને બદ્રીનારાયણ તીર્થે શ્રી નીલકંઠવર્ણીનાં દર્શન થયાં. આત્મામાં પ્રકાશ થયો, નીલકંઠવર્ણીરૂપે પ્રભુનો સાક્ષાત્કાર થયો ત્યારે પ્રભુએ કહ્યું કે, 'અમે તમને દીક્ષા આપી અમારા સાધુ કરીશું.' મહારાજે ધર્મધુરા ગ્રહણ કરી ત્યાર પછી દાદા ખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં ખુશાલ ભગતને ભાગવતી દીક્ષા આપી 'ગોપાળાનંદ સ્વામી' નામ આપ્યું.



સાળંગપુરના ચમત્કારિક કષ્ટભંજનદેવ

ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલા સંતવર્ય હતા. ગ્રહોની ગતિ, પ્રાકૃતિક ઘટમાળનું તેઓ નિયમન કરી શકે તેવી સામર્થી ધરાવતા હતા. પ્રખ્યાત સાળંગપુરના ચમત્કારિક કષ્ટભંજનદેવની પ્રતિષ્ઠા પણ તેઓએ જ કરી હતી. વચનામૃતના સંપાદકો પૈકીના તેઓ એક સંત હતા. પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથોની રચના કરી સંપ્રદાય અને સમાજને ભેટ આપી હતી.

સંપ્રદાયમાં શ્રીજી મહારાજે બે દેશના આચાર્યો સ્થાપ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીને બંને દેશના સત્સંગના વડા નીમ્યા હતા, આવી તેમની મોટપ હતી.



આપણાં મંદિરોમાં ત્રીજી મૂર્તિ એટલે કે સામેથી દર્શન કરીએ ત્યારે શ્રીજી મહારાજની જમણી બાજુની મૂર્તિ ગોપાળાનંદ સ્વામીની છે. તેમણે ગુણાતીતાનંદ સ્વામી મૂળઅક્ષરબ્રહ્મ છે તેવી વાત કરી હતી. સેંકડો સંતો-ભક્તોને સમજાવી યથાર્થ મહિમા ગાયો હતો. શ્રીજી મહારાજ સર્વોપરી છે તેવી વાત જોર-શોરથી કરતા અને અલૌકિક જીવનમુક્ત અવસ્થામાં જીવ્યા તેથી મહામુક્ત ગોપાળાનંદ સ્વામી તરીકે સૌનાં અંતરમાં ચિરંજીવ થયા.




ભગવાનની ભક્તિ કરતા સૌ ભક્તોને આવી મુક્ત દશા પ્રાપ્ત કરવાના આદર્શરૂપે તેઓની મૂર્તિ મંદિરમાં પધારાવાય છે.

આપણા મંદિરમાં આપણે શ્રી મુક્તાક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવીએ છીએ. મુક્ત એટલે પૂજ્ય ગોપાળાનંદ સ્વામી, અક્ષર એટલે પૂજ્ય ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ એટલે સ્વયં સ્વામિનારાયણ ભગવાન...સમજ પડી ને ?


ગુણાતીતાનંદ સ્વામી   શ્રીજી મહારાજ   ગોપાળાનંદ સ્વામી

-સંકલન : ડૉ. ધનંજય પટેલ, મોગરી



## આજે ગુણાતીત સ્વરૂપો માટે હાર બનાવીએ...





**સામગ્રી :** જુદાં જુદાં રંગનાં ગિફ્ટ પેપર્સ, ફેવિકોલ, હાર માટે દોરી, થોડા મણકા, હાર બનાવવા સોય, ફૂમતું બનાવવા માટે ઉનની દોરી.


**રીત :** જુદા જુદા રંગના ગિફ્ટ પેપર લઈ તેની ૧ ઇંચની પહોળી લાંબી પટ્ટીઓ કાપો. હવે એક નાની લાકડાની સળી ઉપર આ ગિફ્ટ પેપરની પટ્ટીઓની ગોળ ગોળ ભૂંગળીઓ વાળી તેના છેડાને ફેવિકોલથી ચોંટાડો. આ ભૂંગળીઓ તૈયાર થાય એટલે આપણા ઘરમાં ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓ હોય તેમના માપની દોરી લઈ સોયમાં પરોવી એક મણકો પરોવો અને તેમાં ગિફ્ટ પેપરની એક ભૂંગળી લો તેમાંથી સળી કાઢી લઈ તેને સોયમાં પરોવો. આમ કરતાં કરતાં હાર તૈયાર કરો. હાર તૈયાર થઈ જાય એટલે બંને છેડા ભેગા કરી એક મણકામાં પરોવી તેને છેડે ફૂમતું લગાવો. ફૂમતું કેવી રીતે બનાવવું તે ૧ થી ૬ નંબરના ચિત્રમાં છે. તમારો હાર તૈયાર છે. નમૂનો ચિત્રમાં બતાવ્યો છે.

–સંકલન : સાધુ સુનીલદાસજી

# મંદિરના ઠાકોરજીની મૂર્તિ રચો...

બાળમિત્રો, સ્વામિનારાયણ ભગવાન અને ગુણાતીતાનંદ સ્વામીની આ મૂર્તિને પૂર્ણ કરવા અહીં દર્શાવેલા ભાગ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬માંથી કયો ભાગ પસંદ કરશો ?




જવાબ : ૧,૪,૬

–સંકલન : પૂ. ઊર્જાબહેન પટેલ, મોગરી



# સાહેબદાદાના બાળતારલાઓ સંગે બાળકોમાં ભક્તિઉદય.....



કોરોનાકાળમાં જ્યારે સૌ કોઈ ગુરુહરિ સાહેબદાદાની પ્રસન્નતા મેળવવા ટૅક્નોલૉજીના માધ્યમથી હાંહાંગડથલરૂપી ભક્તિ કરી રહ્યા છે ત્યારે સાહેબદાદાના સંકલ્પ તેમજ સદ્‌ગુરુ સંતો પૂજ્ય શાંતિદાદા અને પૂજ્ય અશ્વિનદાદાના આશીર્વાદથી અનુપમ મિશનનાં બાળકો માટે બાળકો દ્વારા જ આંતરરાષ્ટ્રીય બાળસભા અને બાળપ્રવૃત્તિઓ શરૂ થઈ.

તેમાં સૌ સંતોની પ્રાર્થના અને આશીર્વાદ ભળતાં આ બાળપ્રવૃત્તિ ફૂલીફાલીને સમગ્ર વિશ્વમાં શરૂ થઈ અને તેને સુંદર નામ આપ્યું : "**શ્રી અનુપમ સત્સંગ બાળસભા**". ભારતનાં તમામ મંડળો ઉપરાંત યુ.કે., ઑસ્ટ્રેલિયા, યુરોપ, આફ્રિકા, યુ.એસ.એ. તથા કેનેડા મંડળનાં બાળકો આ સભામાં જોડાયાં... દર શનિવાર-રવિવારે આશરે 250 જેટલાં બાળકો ભેગાં થઈને ઈન્ટરનેટના માધ્યમથી ઑનલાઇન સભા કરે... સત્સંગ તેમજ ચારિત્ર્યના પાઠ શીખે અને વળી જુદી-જુદી રમતો અને ઉત્સવો દ્વારા બ્રહ્માનંદ કરે. વળી, સૌ સદ્‌ગુરુ સંતો સભામાં પધારી આશીર્વાદ આપે.


તો આવો, આ બાળપ્રવૃત્તિને સ્વંય સાહેબદાદા સહિત સદગુરુ સંતોએ કેટલો રાજીપો દર્શાવ્યો તેનાં દર્શન કરીએ અને જાણીએ વિવિધ પ્રવૃત્તિઓ વિશે....

સંતભગવંત સાહેબદાદાએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, "આવા કપરા સમયમાં પણ આ બાળકોએ રંગ જમાવ્યો છે અને સત્સંગના અદ્‌ભુત સંસ્કાર પ્રાપ્ત કરે છે. બાળસભામાં વિવિધ કાર્યક્રમોએ તો સત્સંગના ઉત્સવોની ઉજવણી ઉપર કળશ ચઢાવી દીધો હોય તેટલી સુંદર સભા ચાલે છે. તો સૌ બાળકોએ આ સભામાં જોડાવું."

તો વળી, સદગુરુ સંતોએ પણ સૌને માટે ખાસ પ્રાર્થના કરી છે કે, "આપણા વિશ્વનાં તમામ મંડળનાં બાળકો આ સભામાં જોડાય અને સત્સંગના સંસ્કાર પ્રાપ્ત કરે અને નાની ઉંમરથી જ સાહેબદાદાનો રાજીપો પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવે."

આ બાળસભામાં એપ્રિલ ૨૦૨૦થી લઈને ઑક્ટોબર ૨૦૨૦ સુધીમાં અનેક ભક્તિસભર કાર્યક્રમો અપાયા જેવા કે: યોગી જયંતીની ઉજવણી, સમૂહ શ્રાવણી મહાપૂજા, સદ્‌ગુરુ સંતો પૂજ્ય અશ્વિનદાદા, પૂજ્ય શાંતિદાદા તેમજ પૂજ્ય રતિદાદાનાં પ્રાગટ્યપર્વો, શરદપૂર્ણિમા વગેરે...

આ સૌ ઈવેન્ટનાં દર્શન તેમજ બાળકો દ્વારા તૈયાર થયેલા કેટલાક સુંદર વિડિયો આપ youtube ઉપર જોઈ શકશો...




આમ, ધન્ય છે એવા ગુરુહરિ સાહેબદાદાને ! સદગુરુ સંતોને ! અને સૌ વ્હાલાં બાળકોને ! તો સૌ વધુ ને વધુ સંખ્યામાં આ બાળસભામાં જોડાઈએ તથા સૌનો રાજીપો પ્રાપ્ત કરી જીવન ઊજળું બનાવીએ.

આપ અનુપમ સત્સંગ બાળસભાની પ્રવૃત્તિઓ જોઈ શકો છો...

Youtube channel : AM BAL SABHA

જ્યારે આપ આ બાળભામાં જોડાવા ઈચ્છતા હો તો આપ આપના કૉમ્પ્યુટર કે મૉબાઈલ દ્વારા આ લિંક મારફત સભામાં જોડાઈ શકો છો.

URL : https://meetingsapac14.webex.com/meet/angloindoaustralianbalsabhaam

meeting number : 911692375

સભાસમય : દર શનિવાર અને રવિવારે ભારતીય સમય મુજબ સાંજે ૪ વાગ્યે.

તો ચાલો મળીશું આ બાળસભામાં... સૌને જય શ્રી સ્વામિનારાયણ...

- લેખક : પૂ. સાધુ સરજુદાસજી

લેખક : સાધુ મનોજદાસજી

# દિવ્ય જીવનના પંથે... ભાગ:૩





Regd. News Paper / Air Mail / Book Post
Anoopam Tarla Monthly R.N.I.New Delhi No.: 2019035472 *
* Date of Publication : 1st Day of each BiMonth
* Date of Posting : 5th day of each BiMonth* Posted at: Nadiad Post Office
Date of Dispatch : 5th November, 2020 * Office of Origin : Nadiad
Editor : Sunilkumar D. Pandya * Published by : Sunilkumar D. Pandya
on behalf of Anoopam Mission.*
Published at : Nadiad 387 001, Gujarat Printed by : Dhananjaybhai H. Shah
* Printed at : Krishna Offset Printers, Nadiad - 387 002



If Undelivered Please return to :
**Sharda Mandir Day School, B/h.Madhavbaug, Dakor Road,**
Nadiad - 387 001 Gujarat, India
Phone : (0268) 2561061 / 2561063
email : amindia@anoopam.org * website: www.anoopam.org



Mandir Mahotsav Year, 2020 - Free subscription
Followed by annual subscription of Rs. 50/-


Air Mail / Book Post

To,